## :: મુંબઈ પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ-૩૭(૧)૩ હેઠળનું જાહેરનામુ ::

**ક્રમાંક:એસ.બી./ મતગણતરી / ૧૪૫ /૨૦૨૩**

રાજય ચુંટણી આયોગ દ્વારા રાજયની ૨ મહાનગરપાલિકાઓની ૩ બેઠકો તથા ૧૮-નગરપાલિકાઓની ૨૯ બેઠકોની પેટા ચુંટણી-૨૦૨૩નો કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના સુરત મહાનગરપાલિકાના વોર્ડ નં.૨૦ ની પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૦૬/૦૮/૨૦૨૩ ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૦૮/૦૮/૨૦૨૩ ના રોજ નિયત થયેલ છે. મતગણતરીના સ્થળો નીચે મુજબના છે. મતગણતરીના સમય દરમ્યાન સુલેહ શાંતિ જળવાય રહે, ચુંટણી પ્રક્રિયા ન્યાયી અને મુકત વાતાવારણમાં યોજાય તેમજ કોઇ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાય રહે તે હેતુસર મતગણતરી બિલ્ડીંગમાં તથા બિલ્ડીંગથી ૨૦૦ મીટરની અંદર મોબાઇલ ફોન લઇને હરવા ફરવાની કે પ્રવેશ કરવા કે તેનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું અજયકુમાર તોમર (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)૩ થી મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબનો હુકમ કરૂ છું.

### <u>પ્રતિબંધિત કૃત્ય</u>

પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેરના હકુમત હેઠળના વિસ્તારમાં આવેલ મતગણતરી બિલ્ડીંગમાં તથા બિલ્ડીંગથી ૨૦૦ મીટરની અંદર મોબાઇલ ફોન લઇને હરવા ફરવા કે પ્રવેશ કરવા કે તેનો ઉપયોગ કરવા ઉપર.

### <u>પ્રતિબંધિત વિસ્તાર</u>

પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેરના હકુમત હેઠળના વિસ્તારમાં નીચે દર્શાવેલ મતગણતરી બિલ્ડીંગ તથા મતગણતરી બિલ્ડીંગથી ૨૦૦ મીટર વિસ્તારના ઘેરાવામાં,

(૧) ડો. એસ.એસ. ગાંધી એન્જીનયરીંગ કોલેજ, મજુરા ગેટ, સુરત

### <u>પ્રતિબંધિત સમય</u>

તા.૦૬/૦૮/૨૦૨૩ નાં રોજ કલાક : ૦૦-૦૦ થી મતગણતરીનું કાર્ય પૂર્ણ થાય ત્યાં સુધી.

### <u>અપવાદ</u>

સરકારી અધિકારી/કર્મચારી તથા પોલીસ અધિકારી/કર્મચારી કે જે ચુંટણી મતગણતરી અંગેની ફરજ પર હોય અને મતગણતરીની કામગીરી સાથે સંકળાયેલ હોય તેવી વ્યકિતને તેમજ શૈક્ષણિક હેતુસર સંબંધીત શાળા/કોલેજમાં ભણવા આવતા અને હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ તેમજ સંબંધીત શાળા/કોલેજમાં ફરજ બજાવતા અધિકારી/કર્મચારી સ્ટાફને ઉપરોકત પ્રતિબંધમાંથી મુકિત આપવામાં આવે છે.

### <u>શિક્ષા</u>

આ હુકમનો ભંગ કે ઉલ્લંધન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫ હેઠળ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૦૨/૦૮/૨૦૨૩ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપી પ્રસિધ્ધ કર્યુ.

પોલીસ કમિશ્નર એસ.બી. સુરત શહેર

(અજયકુમાર તોમર)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

પ્રતિ,
(૧) સયુંક્ત પોલીસ કમિશ્નરશ્રી  ટ્રાફીક  સુરત શહેર
(૨) અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૧,૨  તથા ક્રાઇમ, સુરત શહેર
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી તમામ સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે/ શાખા.ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૬) કંટ્રોલ ઈન્ચાર્જશ્રી, સુરત શહેર. (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી.)

<u>સવિનય નકલ રવાના</u> :-
(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી  સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.( નાનપુરા બહુમાળી સુરત )
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. ( જીલ્લા સેવા સદન અઠવાલાઇન્સ સુરત )
(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત     ( સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્ર માં પ્રસિધ્ધ કરવા સારૂ.)